AMITY SCHOOL, BHARUCH (GSEB-EM)
Kartavyasinh Narendrasinh Solanki
Std - VIII C

# સ્વચ્છ અને હરિયાળા સમાજ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી

ભૌતિક વિશ્વ અને કુદરતી નિયમોનો અભ્યાસ અને જ્ઞાન ને વિજ્ઞાન કહેવાય છે. આજ સુધી ના આ દુનિયા ના વિકાસ મા વિજ્ઞાન નો વિશાળ હાથ છે. વિજ્ઞાન એક સુંદર સમાજ માટે જરૂરી છે. તો મિત્રો હું કર્તવ્યસિંહ સોલંકી ધોરણ ૮ નો છાત્ર "સ્વચ્છ અને હરિયાળા સમાજ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી" પર મારા વિચાર રજૂ કરવા જઈ રહ્યો છું.

વિજ્ઞાન ની એક ખાસ વાત છે. તેની પાસે દરેક પ્રશ્ન નો જવાબ છે. વિજ્ઞાને વિશ્વની શરૂઆત અને અંતની વાર્તા પુરાવા સાથે કહી છે. આ આધુનિક યુગ માં એક દેશ બીજા દેશથી બળવાન બનવા માંગે છે. ગયા કેટલાક વર્ષોમાં મનુષ્ય એ ઘણી ખોજ કરી છે. ISRO, NASA અને અન્ય અવકાશ એજન્સીઓ માને છે કે પૃથ્વી એ ભવિષ્યમાં ઘણી વિપત્તીઓ ના કારણે નાશ પામશે, એટલા માટે તેઓ ટેક્નોલોજી ને વધુ બળવાન બનાવા માંગે છે. વિજ્ઞાન જ પૃથ્વીને નાશ થી બચાવી શકે છે.

ભારત ની આઝાદી બાદ ભારતના વૈજ્ઞાનિકો એ ગ્રીન ટેક્નોલોજી મા ઘણો વિકાસ કર્યો છે. વિજ્ઞાને ગ્રીન ટેક્નોલોજી ના બળ ભારતના સમગ્ર ખેડૂતોને માટે વરદાન આપ્યો છે. વિજ્ઞાને ખેડૂતોને ગ્રીન ટેક્નોલોજી દ્વારા શૂન્ય ખેડાણ પ્રથા, સજીવ ખેતી, સંકલિત જંતુ વ્યવસ્થાપન સિસ્ટમ, કૃષિ આધારિત નાની ટેક્નોલોજી, કાફલો મેનેજમેન્ટ, વગેરે જેવી સુવિધા સાથે ભરી દીધા છે. ગ્રીન ટેક્નોલોજી ના બળ પર જ આજે ભારત કૃષિપ્રધાન દેશ તરીકે ઓળખાય છે.

ટેક્નોલોજી આ સમાજ ને રળિયામણ બનાવવા જરૂરી છે. ગયા કેટલાક વર્ષો મા ડિજિટલ ઉપકરણો મા ઘણો વિકાસ થયો છે. માહિતીના સંચાર અને સંગ્રહ માટે વધુ લોકો ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ કરે છે તેનો અર્થ એ છે કે કાગળ પર ઓછોઓછી નિર્ભરતા છે, જે વનનાબૂદી ઘટાડે

Scanned with CamScanner

છે. વૃક્ષો ઓક્સિજનનો મહત્વનો સ્ત્રોત હોવાથી અને કાર્બન ડાયોક્સાઈડ ને પણ શોષી લે છે, આનાથી આબોહવા પરિવર્તન વધુ ધીરે છે. નદીની કરકસરીય ઉર્જા ટેક્નોલોજીનો વિકાસ, જોખમમાં મુકાયેલા વન્યજીવનને બચાવવું, સ્માર્ટ જીવનશૈલી, વગેરે જેવી ઘણી વસ્તુઓ માત્ર ટેક્નોલોજી ના બળ પર જ શક્ય છે. ટેક્નોલોજી સમાજ ને બચાવે પણ છે અને હરિયાળુ પણ રાખે છે.

આ સદી ના મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગ કહે છે કે આ દુનિયા વિનાશ વધતી જનસંખ્યા અને ગ્લોબલ વોર્મિંગ ના લીધે થશે. તો શું વિજ્ઞાન પાસે આનો કોઈ તોડ છે? તો હા મિત્રો આ દુનિયા ને વિનાશ થી બચાવવા માટે આપણે વિજ્ઞાન ની વાત માનવી પડશે. ઉદાહરણ તરીકે, ઉર્જા કાર્યક્ષમતા અને વાહન ઈંધણની અર્થવ્યવસ્થા માં સુધારો, પવન અને સૌર ઉર્જામાં વધારો, કાર્બનિક કચરામાંથી બાયોફ્યુઅલ અને જંગલોનું રક્ષણ કરવું એ કાર્બન ડાયોક્સાઈડ અને અન્ય વાયુઓના જથ્થાને ઘટાડવાના બળવાન માર્ગો છે.

આપણે મોબાઈલ પર વાત છે કરીયે છે, વિજ્ઞાન અને ટેક્નોલોજી ના કારણે. આપણે અંતરિક્ષ યાત્રા કરીયે છે, વિજ્ઞાન ના કારણે. આ દુનિયાના કણ કણ . મા વિજ્ઞાન છે. આ દુનિયા દરેક દેશ માં ટેક્નોલોજી નો ઉપયોગ થાય છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી ના વગર માનવ જીવન શક્ય જ નથી. ભગવાન દ્વારા આપેલા વરદાન નું નામ વિજ્ઞાન છે.

તો મિત્રો આપણે વિજ્ઞાન નો સાથ આપીયે અને પૃથ્વી ને હરિયાળી બનાવીએ. ભલે આ સૃષ્ટિના સર્જનહારા છે પણ આ વચન ના વિષ્ણુ વિજ્ઞાન ના નામે ઓળખાય છે. તો હવે વિજ્ઞાન દ્વારા કહેલી વાતો ને પોતાની જિંદગી માં અપનાવીએ અને સમગ્ર વિશ્વ ને સ્વચ્છ અને હરિયાળા બનાવીએ.

"વિજ્ઞાન એ અંધશ્રદ્ધાના ઝેરનો મહાન પ્રતિરોધ છે."

Scanned with CamScanner